અપીલ અરજી નં.૬૫૩ તા.૨૯–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– જનસંપર્ક અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી
મેનેજર ગાંધીસ્મૃતિભવન અધિકારી અને ત. જાહેર માહિતી અધિકારી (સાંસ્કૃતિક)
કાર્યપાલક ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને ત. જા.મા.અ.–યુસીડી

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૩૧–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) તા. ૧૮–૧૨–૧૧ના રોજ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ પર સદ્ભાવના ઉપવાસનાં કાર્યક્રમમાં રૂ.૧૦ લાખ એસ.એમ.સી.ની સ્થાયી સમિતિએ મંજુર કર્યા આ કાર્યક્રમની જવાબદારી સુરત જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી–સુરત જીલ્લા કલેકટરશ્રીની છે કે સુરત મહાનગર સેવાસદનનાં કમિશનરશ્રીની બને છે. જે અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં. (૧)થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૫૩/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૩૧–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) તા. ૧૮–૧૨–૧૧ના રોજ ગુજરાતનાં મુખ્ય મંત્રીએ વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ પર સદ્ભાવના ઉપવાસનાં કાર્યક્રમમાં રૂ.૧૦ લાખ એસ.એમ.સી.ની સ્થિતિએ મંજુર કર્યા આ કાર્યક્રમની જવાબદારી સુરત જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી–સુરત જીલ્લા કલેકટરશ્રી ની છે કે સુરત મહાનગર સેવાસદનનાં કમિશનરશ્રીની બને છે. જે અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં. (૧)થી (૭)ની માહિતી આપવા બાબતે અપૂરતી, અયોગ્ય અને અપારદર્શી માહિતી પાઠવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા વિશેષતઃ લાગુ ઠરાવની નકલ સહ રજૂ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૫૦ તા.૭–૩–૧૨ થી જનસંપર્ક અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી મેનેજર ગાંધીસ્મૃતિભવન અને ત. જાહેર માહિતી અધિકારી (સાંસ્કૃતિક), કાર્યપાલક ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) , ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને ત. જા.મા.અ. યુસીડી તથા અરજદારને મૂળ માહિતી દ્વારા ઠરાવોની નકલ માંગ્યાનું સ્પષ્ટ થાય છે ? તે આધાર સહ જણાવવા સાથે તમામ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી આપવા છતાં શું નારાજગી છે ? તે મુદ્દાવાર– જાહેર માહિતી અધિકારી દીઠ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી જન સંપર્ક તરફથી પત્ર નં. પી.આર.ઓ../આઉટ/૧૨૩૪ તા. ૧૫–૩–૧૨ના પૂરક પત્રની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી યુસીડી વિભાગ તરફથી પત્ર નં. યુસીડી/૧૧૩૦ તા. ૨૦–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, આપેલ માહિતી પત્ર નં. યુ.સી.ડી./૧૦૦૫ તા. ૨–૨–૧૨ થી નિયત સમય અવધિ બાદ અરજદારને મુદ્દા નં. ૪, ૬ અને ૭ની આપેલ માહિતી પત્રની નકલ તથા શહેર ગરીબ કલ્યાણ મેળાના પત્રકની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી નોર્થ ઝોન તરફથી પત્ર નં. નોર્થઝોન/આઉટ નં./૮૯૫૪ તા. ૨૦–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૭૬ તા. ૨–૧–૧૨થી નિયત સમય અવધિમાં સેક્રેટરી બ્રાન્ચ, પી.આર.ઓ., મેનેજરશ્રી સાંસ્કૃતિક વિભાગ,ડે.કલેકટરશ્રી, ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર–યુસીડી વિભાગ, કાર્યપાલક ઈજનેર અઠવાઝોન, નોર્થ ઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, નોર્થઝોન તરફથી પત્ર નં. એન.ઝેડ/આઉટ/૭૪૫૪ તા. ૨૭–૧–૧૨થી નિયત સમય અવધિમાં અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૬૯૦ તા. ૧૯–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ,સેન્ટ્રલઝોન તરફથી

તબદીલ થયેલ પત્રની નકલ, મૂળ અરજીની નકલ, અરજદારને નિયત સમય અવધિ બાદ પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૨૦૧ તા. ૩૦–૧–૧૨થી આપેલ માહિતીના પત્રની નકલ, એકનોલ ેજમેન્ટ સ્લીપની નકલ, સુ.મ.ન.પા.ની સ્થાયી સમિતિના તા. ૨૩–૧૨–૧૧ના ઠરાવ નં. ૧૮૨૧/૨૦૧૧ ની નકલ અત્રે મળેલ છે. મેનેજર, સાંસ્કૃતિક વિભાગ તરફથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, પત્ર નં. સાંસ્કૃતિક/૬૦૭ તા. ૨૩–૩–૧૨ થી નિયત સમય અવધિ બાદ અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, પુરસ્કાર ચૂકવ્યા અંગેના પહોંચની નકલ, મિલન પબ્લીસીટી,સુરતના બીલની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૩૧–૧૨–૧૧ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન /આરટીઆઈ/જાવક/૧૮૭૬ તા. ૨–૧–૧૨થી નિયત સમય અવધિમાં ઈ.ચા. સેક્રેટરી, સેક્રેટરી બ્રાન્ચ, પી.આર.ઓ., મેનેજરશ્રી સાંસ્કૃતિક વિભાગ,ડે.કલેકટરશ્રી, ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર–યુસીડી વિભાગ, કાર્યપાલક ઈજનેર અઠવાઝોન, નોર્થ ઝોનને તબદીલ કરેલ. જેમાં મુદ્દા નં.(૧) તા. ૧૮–૧૨–૧૧ના રોજ ગુજરાતનાં મુખ્ય મંત્રીએ વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ પર સદ્‌ભાવના ઉપવાસનાં કાર્યક્રમમાં રૂ.૧૦ લાખ એસ.એમ.સી. ની સ્થાયી સમિતિએ મંજુર કર્યા આ કાર્યક્રમની જવાબદારી સુરત જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી–સુરત જીલ્લા કલેકટરશ્રીની છે કે સુરત મહાનગર સેવાસદનનાં કમિશ્નરશ્રીની બને છે. જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જન સંપર્ક તરફથી પત્ર નં. પી.આર.ઓ./આઉટ નં./૧૦૭૦ તા. ૩–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ " લાગુ પડતુ નથી." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી સાંસ્કૃતિક વિભાગ તરફથી પત્ર નં. સાંસ્કૃતિક/૫૨૨ તા.૧–૨–૧૨ અને સાંસ્કૃતિક/૬૦૭ તા. ૨૩–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ " સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા આ સાથે સામેલ મીલન પબ્લીસીટી, ૧૭, દિવાળી બાગ સોસાયટી, અઠવાગેટ, સુરતના બીલ નં. ૩૭૧/૧૧–૧૨ તા. ૨૩–૧૨–૧૧ મુજબ રૂા. ૭૦,૫૮૧/–ના બેનર તૈયાર કરાવવામાં આવેલ છે. " તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા) /આરટીઆઈ /આ.નં./૧૨૦૧ તા. ૩૦–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ "અરજીમાં જણાવેલ માહિતી અઠવાઝોનને કામગીરી લાગુ પડતી નથી." તેવું જણાવેલ.

મુદ્દા ન.(૨) તા. ૨૩–૧૨–૧૧ ના રોજ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ઈન્ડોર સ્ટેડિયમમાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરેલ. જેમાં પણ રૂા. ૧૮.૩૦ લાખ એસએમસીની સ્થા. સ. એ મંજુર કર્યા આ કાર્યક્રમની પણ જવાબદારી સુરત જીલ્લા મેજી. શ્રીની છે કે સુરત મહાનગર સેવા સદનના કમિ.શ્રી ની બને છે જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જન સંપર્ક તરફથી " લાગુ પડતુ નથી." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી– સાંસ્કૃતિક તરફથી પત્ર નં. સાંસ્કૃતિક/૫૨૨ તા. ૧–૨–૧૨ અને સાંસ્કૃતિક/૬૦૭ તા. ૨૩–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ " રજૂ થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ, એનાઉન્સર વિગેરે માટે સાંસ્કૃતિક વિભાગ દ્વારા રૂા. ૬૨, ૯૮૫/– નો ખર્ચ થયેલ છે" તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી "અરજીમાં જણાવેલ માહિતી અઠવાઝોનને કામગીરી લાગુ પડતી નથી." તેવું જણાવેલ.

મુદ્દા નં.(૩) સદર ચાર કાર્યક્રમનો ઈજારો ટેન્ડર પ્રોસેસ વગર જ બારોબાર ઈજારો તાત્કાલીક આપવા અંગેની માહિતીની નકલ. તથા આ ઈજારદારને કુલ ચાર કાર્યક્રમ સમારોહની રકમ અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જન સંપર્ક તરફથી " લાગુ પડતુ નથી." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી–સાંસ્કૃતિક તરફથી પત્ર નં. સાંસ્કૃતિક/૫૨૨ તા. ૧–૨–૧૨ અને સાંસ્કૃતિક/૬૦૭ તા. ૨૩–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ " સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા એનાઉન્સર, શાળા/સંસ્થાઓને સાંસ્કૃતિક કાર્યક્રમ તથા અન્ય પરચુરણ ખર્ચના રૂા. ૨૧,૫૪૫/– તથા પ્રચાર પ્રસાર માટે બેનર, હોર્ડીગ્સ વિગેરેના મિલન પબ્લીસીટીને રૂા. ૪૮,૧૧૪/– નો ખર્ચ થયેલ છે." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી પત્ર નં. એન.ઝેડ/આઉટ/૭૪૫૪ તા. ૨૭–૧–૧૨થી નિયત સમય અવધિમાં " નોર્થઝોન(કતારગામ) ખાતે તા. ૨૯–૧૨–૧૧ના રોજ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે :–

| અ.નં. | થયેલ ખર્ચની વિગત | થયેલ ખર્ચની રકમ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧. | કમાન ગેઈટ, ફ્રેમીંગ, ફલેક્ષ બેનર | ૮,૦૦,૦૦૦/– | |
| ૨. | સાઉન્ડ વ્યવસ્થા, પંખા, લાઈટ, જનરેટકર, પ્રોજેકટર, કેમેરા, ટી.વી. સ્ક્રીન વિગેરે | ૨,૩૦,૦૦૦/– | –આગઉનાં મંજુર ભાવો અને શરતે તાકીદનાં ધોરણે કામગીરી સોંપવા સ્થાયીસમિત ઠરાવ નં. ૧૮૨૧/ ૨૦૧૧ તા. ૨૩–૧૨–૧૧થી મંજુર થયા મુજબ અંદાજિત ખર્ચની મંજુરી લેવામાં આવેલ છે. |
| ૩. | ચા–નાસ્તો અને પીવાનું પાણી | ૧૫,૦૧૦/– | |

તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા) /આરટીઆઈ /આ.નં./૧૨૦૧ તા. ૩૦–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ" મુદ્દા નં. ૩ અન્વયે જણાવવાનું કે અરજીમાં માંગવામાં આવેલ માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | કામગીરી વિગત | હાઉસીંગ વિભાગ | થયેલ ખર્ચ રૂા. લાઈટ વિભાગ મધુસુદન ઈવેન્ટ્સ સ્કીન પ્રોજેક્ટર્સ | લેજર એન્ડ સાઉન્ડ સાઉન્ડ |
|---|---|---|---|---|
| ૧. | તા. ૨૩/૩૦, ૧૨–૨૦૧૧ના રોજ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં મંડપ, લાઈટ, સાઉન્ડ, બંનરને લગતી કામગીરી | તા. ૨૩–૧–૧૧ રૂા.૨,૪૮,૯૦૯/– તા.૩૦–૧૨–૧૧ રૂા.૨,૪૮,૪૧૨/– | રૂા.૭૩,૦૦૦.૦૦/– | રૂા.૧,૩૫,૦૧૬.૦૦ |

ઉપરોકત માહિતીના એ/૪ સાઈઝ પાનાની નકલ (પાના નંગ ૪૩)ના નકલ દીઠ રૂા.૮૬/– ( અંકે કુલ છંયાસી રૂપિયા) અઠવા ઝોન કચેરીના ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી આપશ્રી મેળવી શકશો." તેવું નિયત સમય અવધિના બીજા દિને જણાવેલ.

મુદ્દા નં.(૪) તા. ૨૩–૧૨–૧૧ ના ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનો ગરીબ કલ્યાણ મેળામાં નવ હજાર લાભાર્થીઓને ૪૬ કરોડ રૂપિયાની સાધન સામગ્રીની સહાય રાજય સરકાર અન સુમપા સેવા સદનના કમિ.શ્રીએ ચૂંટાયેલ કોર્પોરેટર તથા ભાજપના આગેવાન નેતાઓએ કરેલ જેમાં પણ સુરત જીલ્લા મેજીસ્ટ્રેટની જવાબદારી અંગેની માહિતીની નકલ તથા આ યોજનાનું નામ સહિત માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જન સંપર્ક તરફથી " લાગુ પડતુ નથી." તેવું જણાવેલ. મ.જાહેર માહિતી અધિકારી યુસીડી વિભાગ તરફથી નિયત સમય અવધિ બાદ પત્ર નં. યુ.સી.ડી/૧૦૦૫ તા. ૨–૨–૧૨થી માહિતી આપવામાં આવેલ છે તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી "અરજીમાં જણાવેલ માહિતી અઠવાઝોનને કામગીરી લાગુ પડતી નથી. તેવું જણાવેલ.

મુદ્દા નં.(૫) સ્થા. સ.એ સને ૨૦૧૨ માટેની ૨૦, ૦૦૦ ડાયરી છપાવવાનો ઈજારો પ્રતિ ડાયરી રૂા.૬૯ ના ભાવે નકકી કરેલ છે અને ૯ રૂા. ખોટ ખાઈને લોકોને રૂા.૬૦ ના ભાવે પ્રતિ ડાયરીનું વેચાણ કરી રૂા. ૧,૮૦,૦૦૦ ની ખોટ સુમપાના સેવા સદન સ્વાયત સંસ્થાને ઠરાવ્યા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જન સંપર્ક તરફથી " સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૮૨૪/૨૦૧૧, તા. ૨૩–૧૨–૧૧ મુજબ. " તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી "અરજીમાં જણાવેલ માહિતી અઠવાઝોનને કામગીરી લાગુ પડતી નથી. તેવું જણાવેલ.

મુદ્દા નં.(૬) તા.૨૮–૧૨–૧૧ ના કતારગામ કાસાનગરના એસએમસી આયોજીત સુરત ડો. શ્યામ પ્રસાદ મુખર્જી લ ેકના ક્રિકેટ ગ્રાઉન્ડમાં એસએમસીના ગરીબ કલ્યાણ મેળામાં ૬૨૪૧ લાભાર્થીઓને એસએમસીના અધિકારીઓએ અને ભાજપના અગ્રણીઓ ધ્વારા ૨૦.૯૦ કરોડની સહાય કઈ યોજના હેઠળ આ સહાયના ફંડ અંગેની રાજય સરકારની , કેન્દ્ર સરકારની અને એસએમસીની રકમની ફાળવણી અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જન સંપર્ક તરફથી " લાગુ પડતુ નથી." તેવું જણાવેલ. મ. જાહેર માહિતી અધિકારી યુસીડી વિભાગ તરફથી નિયત સમય અવધિ બાદ પત્ર નં. યુ.સી.ડી/૧૦૦૫ તા. ૨–૨–૧૨થી માહિતી આપવામાં આવેલ છે તેવું જણાવેલ.

મુદ્દા નં.(૭) તા.૩૦–૧૨–૧૧ ના રોજ ઈન્ડોર સ્ટેડિયમમાં ગરીબ કલ્યાણ મેળામાં ૪૫૧૫ લાભાર્થીઓને રૂા.૩૯.૬૫ કરોડની સહાય એસએમસીના અધિકારીઓ અને ભાજપના અગ્રણીઓ સહાય કરેલ છે આ યોજનાની સહાયનું ફંડ કેન્દ્ર સરકાર પાસે , રાજય સરકાર પાસેથી અને એસએમસીમાંથી કેટલી રકમ ફાળવવામાં આવેલ હોય જેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જન સંપર્ક તરફથી " લાગુ પડતુ નથી." તેવું જણાવેલ. મ.જાહેર માહિતી અધિકારી યુસીડી વિભાગ તરફથી નિયત સમય અવધિ બાદ પત્ર નં. યુ.સી.ડી/૧૦૦૫ તા. ૨–૨–૧૨થી માહિતી આપવામાં આવેલ છે તેવું જણાવેલ.

જે અંગે અરજદારે અપૂરતી, અયોગ્ય અને અપારદર્શી માહિતી પાઠવેલ હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૯–૨–૧૨ ના રોજ અપીલ કરેલ. અપીલના મુદ્દા નં. ૧ માં જેમાં અરજદારે એડી.સીટી ઈજનેર કતારગામઝોન તરફથી સ્થાયી સમિતિના ઠરાવ નં. ૧૮૨૧/૨૦૧૧ તા. ૨૩–૧૨–૧ની મંજુરીની નકલ બિડાણ કરેલ નથી. તેથી માહિતી અધુરી છે. અપીલના મુદ્દા નં. ૨માં અરજદારે સાંસ્કૃતિક કાર્યક્રમ અને એનાઉન્સરના ૬૨,૯૮૫/–નો ખર્ચ ઈજારદારના નામ વગર જણાવેલ છે. અરજદારે સાંસ્કૃતિક કાયક્રમમાં સમારંભના કાર્યક્રમના ખર્ચની રકમની માહિતી માંગેલ છે જયારે અરજદારે તેવો પ્રશ્ન મૂળ અરજીથી અલાયદો અપીલ તબક્કે ઉપસ્થિત કરેલ છે. અપીલના મુદ્દા નં. ૩ માં કતારગામ ઝોન દ્રારા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે થયેલ કલ્યાણ મેળાનો પરચુરણ તેમજ બેનર હોર્ડીંગ્સના ઠરાવની નકલ બિડાણ કરેલ નથી. અપીલના મુદ્દા નં. ૪માં અરજદારે યુસીડી વિભાગ દ્રારા મુદ્દા નં. ૪, ૬ અને ૭થી જે સહાય

આપવામાં આવેલ છે તે કેન્દ્ર, રાજય સરકાર કે એસએમસી, તે અંગે પુરતી માહિતી આપેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં તેવી માહિતી દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં. ૫ માં જન સંપર્ક વિભાગ દ્વારા સ્થાયી સમિતિના ઠરાવ નં. ૧૮૨૪/૨૦૧૧ તા. ૨૩–૧૨–૧૧ની નકલ બિડાણ કરેલ નથી. તેથી અસત્ય છે તેવું જણાવેલ. છે. જે અંગે જન સંપર્ક વિભાગ તરફથી પત્ર નં. પી.આર.ઓ/૧૧૪૭ તા. ૨૪–૨–૧૨થી સદર ઠરાવની નકલ અરજદારને મોકલવામાં આવેલ છે. વધુમાં અરજદારે અપીલ તબક્કે મૂળ માહિતી દ્વારા ઠરાવોની નકલ માંગ્યાનું સ્પષ્ટ થાય છે ? તે આધાર સહ જણાવવા સાથે તમામ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી આપવા છતાં શું નારાજગી છે ? તે મુદ્દાવાર– જાહેર માહિતી અધિકારી દીઠ સ્પષ્ટ કરવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ માહિતી કે વિગતો અત્રે મળેલ નથી તથા શું વિગતે નારાજગી છે તે પણ સ્પષ્ટ કરેલ નથી. આમ અરજદારને અપીલ તબક્કે તક આપવા છતાં તેઓ પૂરક વિગતો પુરી પાડવામાં સફળ રહેલ નથી. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અરજદારે મૂળ અરજીથી ઠરાવની નકલો કે ઈજારદારના નામોની માહિતી માંગ્યાનું પ્રથમદર્શી સ્પષ્ટ થતું નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૯–૨–૧૨ ધ્યાને લેતાં ૨૯–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૩–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩૧–૧૨–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. " વધુમાં અરજદારે મૂળ અરજીથી અપીલ તબક્કે ઈજારદારના નામ અંગે ઉપસ્થિત કરેલ પૂરક અલાયદા પ્રશ્ન અંગે આરટીઆઈ એકટની જોગવાઈઓ અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને રજુઆત કરી અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)<br>
ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને ત.એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, જનસંપર્ક અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ,મેનેજર ગાંધીસ્મૃતિભવન અધિકારી અને ત. જાહેર માહિતી અધિકારી (સાંસ્કૃતિક), કાર્યપાલક ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને ત. જા.મા.અ. (યુસીડી).... જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર